હજુ ૩૧૧ બેઠકો પર ચૂંટણી બાકી

નવી દિલ્હી,તા. ૧૯

લોકસભાની ચૂંટણીને લઈ જુદા જુદા તબક્કામાં મતદાન હાલમાં જારી છે. હવે ૩૧૧ બેઠકો પર મતદાન જુદા જુદા તબક્કામાં બાકી છે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પાર્ટીઓ બાકીની બેઠકો પર સંપૂર્ણ તાકાત લગાવી દેવા માંગે છે. કારણ કે બાકી ૩૧૧ બેઠકો પર વધારે બેઠકો જીતનાર પાર્ટી કેન્દ્રમાં સત્તા પર આવશે. ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની લહેર વચ્ચે મોદી પોતે પણ ઝંઝાવતી પ્રચાર જારી રાખીને ભાજપની સ્થિતીને વધારે મજબુત કરવા માટે તૈયાર છે. કોંગ્રેસના રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પક્ષના વરિષ્ઠ નેતાઓ જોરદાર પ્રચાર કરીને લોકોને પ્રભાવિત કરવા માટે તૈયાર છે. બાકીની

૩૧૧ બેઠકો પર ભાજપ સપાટો બોલાવશે કે પછી કોંગ્રેસ ચમત્કાર કરી શકશે તેને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા છે. મહત્વપૂર્ણ રાજ્યો અને મોટા મો બાકીની બેઠકો પર મેદાનમાં છે. બાકી ૩૧૧ બેઠકો કોંગ્રેસ માટે છેલ્લે વર્ષ ૨૦૦૯માં સારી સાબિત થઈ હતી. એ વકતે કોંગ્રેસે ૧૦૯ બેઠકો જીતી લીધી હતી. જ્યારે ભાજપને ૫૭ બેઠકો મળી હતી. બાકીની ૩૧૧ બેઠકો પર મોદી લહેર અને કોંગ્રેસની રણનિતીની કસોટી રહેશે. તેમના ગઢને કબજે કરવાતી ભાજપને રોકવા કોંગ્રેસ સામે આ વખતે કોંગ્રેસ માટે ભારે પડકારરૂપ સ્થિતી છે. ઉત્તરપ્રદેશની બેઠકો પૈકી મોટી સંખ્યામાં બેઠકો પર મતદાન હજુ બાકી છે. બીજી બાજુ ગુજરાતમાં પણ તમામ બેઠકો માટે મતદાન બાકી છે. કેટલાક ભાજપ પ્રભુત્વવાળા રાજ્યોમાં પણ મતદાન યોજાનાર છે. આંધ્રપ્રદેશ અને તમિળનાડુમાં પણ મતદાન યોજાનાર છે. આ રાજ્યોમાં ભાજપે હજુ સુધી ખાતુ ખોલ્યું નથી. પશ્ચિમ બંગાળમાં પણ ભાજપની સ્થિતી ખુબ ખરાબ છે. આવી સ્થિતીમાં ભાજપને દેખાવ સુધારવાની આ રાજ્યોમાં તક છે. આના માટે સ્થાનિક મતદારોને પ્રભાવિત કરવા માટે સ્થાનિક મુદ્દા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કોંગ્રસને તેના ગઢ જાળવી રાખવા માટે ખુબ મહેનત કરવી પડશે. બિહારમાં ૨૭ બેઠકો પર મતદાન યોજાન છે. અહીં મોદીનો જોદુ દેખાઈ રહ્યો છે. ઉત્તરપ્રદેશમાં પણ સ્થિતી સારી દેખાઈ રહી છે. સોનિયા ગાધી, રાહુલ ગાંધી, નરેન્દ્ર મોદીની બેઠકો પર ચૂંટણી યોજાનાર છે. ઉપરાંત મુલાયમસિંહ યાદવ મૈનપુરીમાંથી ચૂંટણી મેદાનમાં છે.

લોકસભાની ચૂંટણીમાં ૨૯ પૂર્વ મુખ્યમંત્રી મેદાનમાં છે

લખનૌ,તા. ૧૯

લોકસભાની ચૂંટણી હવે વધારે રોમાંચક બની ગઈ છે. કારણ કે, ચૂંટણી મેદાનમાં ૨૯ ભૂતપૂર્વ મુખ્યમંત્રી, એક મુખ્યમંત્રી અને એક ભૂતપૂર્વ વડાપ્રધાન ચૂંટણી મેદાનમાં છે. આ ઉપરાંત અનેક એવા મોટા માથા મેદાનમાં છે જેમના ભાવિનો ફેંસલો થનાર છે. ચૂંટણી મેદાનમાં ભૂતપૂર્વ વડાપ્રધાન દેવગૌડા પણ છે. આ ઉપરાંત વિરપ્પા મોઈલી, ધરમસિંહ, યેદીયુરપ્પા, સદાનંદ ગૌડા, એચડી દેવગૌડા, કુમાર સ્વામી પણ મેદાનમાં છે. કર્ણાટક બાદ ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ મોટી સંખ્યામાં મોટા માથા મેદાનમાં છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહ લખનૌમાંથી તેમના ભાવિ અજમાવી રહ્યા છે. સપાના વડા મુલાયમસિંહ યાદવ આઝમગઢમાંથી અને મૈનપુરીમાં ચૂંટણી લડી રહ્યા છે. ઉત્તરાખંડમાંથી ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીસી ખાંડુરી ગડવાલમાંથી ચૂંટણી મેદાનમાં છે. રમેશ પોખરિયાલ હરિદ્વારમાંથી જ્યારે ભગતસિંહ કોસિયારી પણ મેદાનમાં છે. ચૂંટણી મેદાનમાં બે ભૂતપૂર્વ મુખ્યમંત્રી પણ રહેલા છે જેમાં જમ્મુ કાશ્મીરમાંથી ફારુક અબ્દુલ્લા, કોંગ્રેસના ગુલામ નબી આઝાદનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના બે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ચવાણ અને સુશીલકુમાર શિંદે પણ મેદાનમાં છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ ઉપરાંત જુદા જુદા પક્ષોના વરિષ્ઠ નેતાઓ અરુણ જેટલી, ઉમા ભારતી પણ મેદાનમાં છે. અજીત જોગી, શંકરસિંહ વાઘેલા પણ ચૂંટણી મેદાનમાં છે. ૧૬મી સામાન્ય ચૂંટણી લડી રહેલાઓમાં અન્ય કેટલાક મોટા માથાઓ પણ છે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વારાણસીમાંથી ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે ચૂંટણી લડી રહ્યા છે. સુષ્મા સ્વરાજ મધ્યપ્રદેશમાંથી વિદિશાથી ચૂંટણી લડી રહ્યા છે.

બારૂના પુસ્તકનો ઉપયોગ કરી મોદીના આકરા પ્રહાર

ગુવાહાટી,તા. ૧૮

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની જોરદાર ઝાટકણી કાઢી હતી. બંનેની ટિકા કરવા માટે નરેન્દ્ર મોદીએ વડાપ્રધાનના ભૂતપૂર્વ સાથી દ્વારા લખવામાં આવેલા પુસ્તકનો ઉપયોગ કર્યો હતો અને કહ્યું હતું કે, પડદા પાછળ સરકારને ચલાવવા બદલ માતા પુત્રને કિંમત ચુકવવી પડશે. બાંગોઈ ગામ જિલ્લામાં કાકોઈજાન ખાતે ભારત વિજય રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે, સંજય બારુ દ્વારા લખવામાં આવેલા પુસ્તક એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટરના કારણે ખુબ વિવાદ થયો છે. આનાથી ઘણી બધી બાબતો સપાટી ઉપર આવી રહી છે. આમા સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે, માતા પુત્ર દ્વારા જ પ્રાથમિક રીતે નિર્ણય લેવામાં આવી રહ્યા હતા. મનમોહનસિંહની કોઈ ભૂમિકા દેખાઈ રહી ન હતી. પુસ્તકમાં સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે, વાસ્તવિક વડાપ્રધાન કોણ હતા. વડાપ્રધાન જે પણ કહી રહ્યા હતા તેનો કોઈ મતલબ ન હતો. માતા અને પુત્ર દ્વારા જ બધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ સામે પ્રહારો કરતા મોદીએ કહ્યું હતું કે, આજે તમામ બાબત લોકો સમક્ષ આવી છે.

પીએમઓ દ્વારા કહેવામાં આવ્યું છે કે, વડાપ્રધાને છેલ્લા ૧૦ વર્ષના શાસનમાં ૧૧૦૦ ભાષણ આપ્યા હતા જે સાબિત કરે છે કે, મનમોહનસિંહ મૌન હતા. વડાપ્રધાનના દૂરસંચાર સલાહકાર પંકજ પચોરી દ્વારા આ નિવેદન કરવામાં આવ્યું છે. મોદીએ કહ્યું હતું કે, જો પીએમઓ દ્વારા ગરીબો અને સામાન્ય લોકો માટે વડાપ્રધાને શું કર્યું છે તેવું નિવેદન કરવામાં આવ્યું હોત તો વધારે સારી બાબત રહી હોત.

ઉપસ્થિત લોકોને સંબોધતા તેમણે કહ્યું હતું કે, પીએમઓની ઓફિસને આવી ક્યારે પણ સ્પષ્ટતા કરવાની ફરજ પડી નથી પરંતુ તેમનું મહત્વ ઓછું થયું હતું તે રીતે આવા નિવેદન કરાયા છે. કોંગ્રેસની ટોચની નેતાગીરીની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે, દેશમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ખોટી બાબતો ફેલાવી રહ્યા છે. નાના પાયાના ઉદ્યોગો ગુજરાતમાં બંધ થયા છે તેવા અહેવાલ ખોટા છે. કોંગ્રેસના ઉપપ્રમુખને પડકાર ફેંકતા મોદીએ કહ્યું હતું કે, આજે અમે બંને આસામમાં છે. એક બીજાનો સામનો કરી લેવો જોઈએ. કોંગ્રેસના લોકો બિનજરૂરી આક્ષેપો કરી રહ્યા છે.

એફઆઇઆર દાખલ કરાયા બાદ પ્રતિક્રિયા

કાવતરાઓ ઘડવાનો કુમાર વિશ્વાસે સીધો આક્ષેપ કર્યો

અમેઠી,તા. ૧૯

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સામે અમેઠી લોકસભાની બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતરેલા આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા કુમાર વિશ્વાસે આજે આક્ષેપ કર્યો હતો કે તેમની સામે રાજકીય કાવતરા ઘડવામાં આવી રહ્યા છે. જ્યારે રિપોર્ટ દાખલ કરવા માટે પોલીસ સમક્ષ તેઓ પહોંચ્યા હતા ત્યારે તેમની કોઈ નોંધ લેવાઈ ન હતી. પરંતુ તેમની સામે તરત કેસ કરવામાં આવ્યો

છે. તેમની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ પોતાની પ્રતિક્રિયામાં કુમાર વિશ્વાસે કહ્યું છે કે તેઓ રાહુલ સામે એફઆઈઆર દાખલ કરાવવા માટે પહોંચ્યા હતા. કોંગ્રેસના કાર્યકરો તરફથી ખતરો રહેલો છે તેવો દાવો કરતા કુમાર વિશ્વાસે કહ્યું હતું કે તેમને હવે દહેશત સતાવી રહી છે. શુક્રવારના દિવસે કુમાર વિશ્વાસે ગૌરીગંજ પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં ધરમા કર્યા હતા. પોલીસે તેમની અરજી પર ધ્યાન આપવાનો ઈન્કાર કર્યા બાદ કુમારવિશ્વાસે ધરણા કર્યા હતા. જો કે મોડેથી પોલીસે આઈપીસીની કલમ ૫૦૬ હેઠવ કોંગ્રેસના કાર્યકર વિનોદ મિશ્રા સામે એફઆઈઆર દાખલ કરી હતી. અમેઠીનો સપી હિરાલાલે કહ્યું હતું કે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

કુમારની સામે પમ એફઆઈઆર દાખલ કરવામા આવી છે. કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કરવા બદલ કુમાર અને તેમના સમર્થકોની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. વિશ્વાસે અગાઉ દાવો કર્યોહતો કે ૧૫મી એપ્રિલના દિવસે પ્રિયંકા વાઢેરાની યાદ દરમિયાન એક વિડિયો લીક કરવામાં આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે વિશ્વાસ રાહુલ સામે વધારે બોલી રહ્યા છે. તેમને ગોવી મારી દેવામાં આવશે. અમેઠી બેઠક પરની ચૂંટણી પર પ્રતિષ્ઠાનો જંગ છે.

આઈએસઆઈ દ્વારા ભારતમાં બોગસ નોટ ઘુસાડવાના પ્રયાસો

નવી દિલ્હી,તા. ૧૯

લોકસભાની ચૂંટણી દરમિયાન પરિસ્થિતીનો લાભ ઉઠાવીને પાકિસ્તાનની કુખ્યાત સંસ્થા આઈએસઆઈ દ્વારા ભારતમાં મોટા પાયે બોગસ નોટ ઘુસાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ જ કારણસર છેલ્લા બે મહિનાના ગાળામાં કાઈમ બ્રાન્ચ અને એટીએસની ટીમે લાખો રૂપિયાની બોગસ નોટ કબજે કરી છે. તપાસ સંસ્થાઓ માને છે કે માત્ર તોડાક દિવસના અંતરમાં આટલી મોટી સંખ્યામાં બોગસ નોટના મામલા સપાટી પર આવ્યા છે. એવી શંકા છે કે ચૂંટણી દરમિયાન બોગસ નોટને કાઢવાના હેતુસર પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થાએ તૈયારી કરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના એક અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું છે કે ભારત ભારતમાં કેટલાક ઉમેદવાર નોટ આપીને વોટ ખરીદવાના પ્રયાસ કરે છે તે બાબત છુપી નથી. માત્ર હજાર રૂપિયામાં મત મેળવી લેવામાં આવે છે. સામાન્ય રીતે એવા લોકોને નોટ આપીને વોટ ખરીદી લેવામાં આવે છે જે ગ્રામીણ વિસ્તારોમાં રહે છે અને ગરીબ હોય છે. ભણેલા હોતા નથી. તેમને બનાવટી અને વાસ્તવિક નોટની ઓળખ હોતી નથી. કતેઓ નોટ જોઈને ખુશ થઈ જાય છે. પરંતુ વોટ આપ્યા બાદ નોટથી કોઈ ચીજ ખરીદવામાં આવે છે ત્યારે તેમને ખબર પડે છે. પરંતુ ત્યાર સુદી મોડુ થઈ જાય છે. એવી મો.ડસ ઓપરેન્ડી હોય છે કે તમામ બનાવટી નોટ આપવામાં આવતા નથી. જો ૯૦ ટકા અસલ નોટ હોય છે તો તેમાં દસ ટકા બનાવટી નોટ વચ્ચે મુકી દેવામાં આવે છે. આવી સ્થિતીમાં સામાન્ય લોકોને વહેલી તકે આની ખબર પડતી નથી. મોટા ભાગના કેસોમાં તો ફરિયદ પણ દાખલ કરવામાં આવતી નથી. ગ્રામીણ વિસ્તારમાં નોટ અંગે લોકોને માહિતી હોતી નથી. જ્યારે આ નોટ બેંકમાં આવે છે ત્યારે જ આ અંગે જાણ થાય છે. પાકિસ્તાનમાં બનાવટી નોટ બનાવવાની પ્રક્રિયા હજુ પણ ચાલે છે.

બનાવટી નોટ નેટવર્ક

- ચૂંટણીના માહોલમાં બનાવટી નોટ ઘુસાડવાની પાકિસ્તાનની ખતરનાક યોજના અમલમાં
- પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ બનાવટી નોટ મોકલવાની પ્રવૃત્તિમાં વ્યસ્ત
- ચૂંટણીમાં બનાવટી નોટ કાઢી નાંખવા માટે આઈએસઆઈ પ્રયત્નશીલ
- ગ્રામીણ વિસ્તારોમાં બનાવટી નોટ વધારે ફરતા કરવામાં આવે છે
- ભારતીય બનાવટી નોટ પાકિસ્તાનની સરકારી પ્રિન્ટિંગ મશીનમાં છાપવામાં આવે છે
- એક નોટ છાપવા પર ૧૮ રૂપિયાનો ખર્ચ થાય છે
- આઈએસઆઈ એવા લોકોને પ્રતિ નોટ ૨૫ રૂપિયા વધારે આપે છે જે લોકો ભારતમાં આ નોટ ઘુસાડવાની જવાબદારી સંભાળે
- આઈએસઆઈ ૫૦૦ અને ૧૦૦૦ની નોટ છાપે છે
- બનાવટી નોટ સરળથાથી બનાવી શકાય છે
- કોઈપણ નોટ છાપવા માટે ભારતમાં પણ ઓસ્ટ્રેલિયાથી પેપર આવે છે
- જરૂરી ઈન્ક ભારત અને પાકિસ્તાન બંને જગ્યાએ ન્યુઝીલેન્ડથી મંગાવવામાં આવે છે
- કોઈપણ એક નોટ માટે ૨૩ ફીચર જરૂરી હોય છે.

સમાચાર ઝલક

- દક્ષિણ સુદાનમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની શિબિર પર હુમલામાં ૫૮ વ્યક્તિઓનાં મોત નિપજ્યા.
- ધરમપુર પાસે ટ્રક પલટી ખાતાં ૬ લોકોનાં મોત.
- તા. ૨૪મી એપ્રિલે વારાણસી લોકસભાની બેઠક માટે નરેન્દ્ર મોદી ઉમેદવારી નોંધાવશે.
- રાજકોટમાં ૧૦૦ જેટલા ડુક્કરોના કમોત માટે પોલીસ ફરિયાદ નોંધાવતા જીવદયા પ્રેમીઓ.
- અમદાવાદ વિમાની મથકે છેલ્લા ત્રણ દિવસમાં કરોડો રૂપિયાનું સોનું ઝડપાયું.
- લાલી ગામે કેમિકલયુક્ત પાણી સામે ચાલતા ઉપવાસ આંદોલનમાં એક વ્યક્તિનું મોત.
- માનહાનિના કેસમાં 'આપ'ના નેતા પ્રશાંત ભૂષણને દંડ ફટકારતી કોર્ટ.
- મીરજાપુરમાં ૭ ટન ગોમાંસ પોલીસે પકડ્યું.
- વટવા હાઇવે પર ટ્રક ડ્રાઇવર પર હુમલો કરી લૂંટ ચલાવાઇ.
- વડોદરા-રાજકોટમાં કેરી પકવવા માટે ઉપયોગ કરાતા પાઉડર સામે તપાસ શરૂ કરાઇ.
- લોકસભાની ચૂંટણીમાં આક્ષેપો-પ્રતિઆક્ષેપોથી ગરમાવો જામ્યો.
- શિક્ષક મિત્રોને સમાજવાદી પાર્ટીને વોટ નહી આપો તો કાયમી ન કરવાનાં મુલાયમસિંહના નિવેદન સામે ચૂંટણીપંચની લાલ આંખ.
- રોબર્ટ વાડ્રાની મિલકતમાં થતાં વધારા સામે રાજકીય પક્ષોની આક્ષેપબાજી.
- જામજોધપુરમાં ક્રિકેટ સટ્ટાનું મોટું નેટવર્ક ઝડપાયું.
- પૂર્વ કેન્દ્રીય મંત્રી રસીદ મસુદની તબિયત નાદુરસ્ત થતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ.
- કેરળના મશહૂર પદ્મનાભન મંદિરમાં ખજાનાની આયોજનબદ્ધ ચોરી થવાની શંકા, મોટા માથાંની સંડોવણી, કમીટીનો રીપોર્ટ.
- અમેઠીમાં ભારે પવનથી ચૂંટણી મંડપોમાં અવ્યવસ્થા સર્જાઇ.
- વડોદરામાં સફાઇ કર્મચારી લાંચના છટકામાં ઝડપાયો.
- ડાંગરવા હત્યા કેસનો ત્રીજો આરોપી ઝડપાઇ ગયો.
- સૌરાષ્ટ્રમાં આગ ઝરતી ગરમીનો અનુભવ, અમરેલી સૌથી ગરમ રહ્યું.

પેકેટમાં મળતાં દૂધથી પણ ઘણી બીમારી થઈ શકે છે

યોગ્ય તાપમાનની જાળવણી નહીં થવાની સ્થિતિમાં પેકેટ દૂધમાં ઘણાં પ્રકારના બેક્ટેરિયાઓ ઉત્પન્ન થઈ જાય છે

નવી દિલ્હી, તા.૧૯

તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પેકેટમાં ઉપલબ્ધ દૂધ બીમારીને આમંત્રણ આપી શકે છે. જાણકાર નિષ્ણાંતો અને અભ્યાસમાં જાણવા મળ્યું છે કે યોગ્ય તાપમાનની જાળવણી નહીં હોવાની સ્થિતિમાં પેકેજમાં ઉપલબ્ધ દૂધમાં અનેક પ્રકારના બેક્ટેરિયા ઉત્પન્ન થઈ જાય છે.

તાજેતરમાં જ કરાયેલા આ અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે પેકેજિંગ પ્લાન્ટમાંથી દૂધ નીકળ્યા બાદ કન્ઝ્યુમર સુધી આ દૂધ પહોંચે તે

વચ્ચેના ગાળામાં દૂધ માટે યોગ્ય તાપમાન જાળવણી થતી નથી. અલબત્ત દૂધને ગરમ કરવાથી આ સમસ્યા દૂર થઈ શકે છે પરંતુ ડેરી સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે તેમના પ્રોડેક્ટ ૨૧ ટેસ્ટ મારફતે પસાર થાય છે. લોકોને સેફ અને સુરક્ષિત દુધ મળે તે માટે પગલાં લેવામાં આવે છે. ખોટી ચકાસણીથી ખોટા પરિણામ આવી શકે છે. કન્ઝ્યુમર વોઇસ સંસ્થા દ્વારા તાજેતરમાં જ દિલ્હીમાં વેચાતાં ૧૨ બ્રાન્ડના પેકેજ દૂધના સેમ્પલ લીધા હતા. ત્યારબાદ તેમાં અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. પેકેટમાં રહેલા દૂધમાંથી સાત ડિગ્રી તાપમાનને આદર્શ ગણવામાં આવે છે પરંતુ આ બાબતનું ધ્યાન વધારે રાખવામાં આવતું નથી. દુકાનો સુધી પહોંચવાના ગાળા દરમિયાન આ બાબતનું ધ્યાન આપવામાં આવતું નથી. દુકાનોમાં પહોંચ્યા બાદ પણ તાપમાન મામલે ગંભીરતા રાખવામાં આવતી નથી. નિષ્ણાંતોનું એમ પણ કહેવું છે કે સ્વાસ્થ્ય સાથે સંબંધિત મામલાઓ અને ધારાધોરણની અવગણના કરવામાં આવી રહી છે. કોલીફોર્મ બેક્ટેરિયા ૪૬ ડિગ્રી તાપમાન પર નષ્ટ થઈ જાય છે.

આનો મતલબ એ થયો કે દૂધને ખૂબ સારી રીતે ગરમ કરવાની સ્થિતિમાં તેમા રહેલા બેક્ટેરિયાનો ખતરો રહેતો નથી. અલબત્ત કન્ઝ્યુમર વોઈસનું કહેવું છે કે વધારે ગરમ કરવાથી દૂધમાં રહેલા પોષક તત્વોનું પ્રમાણ ઘટી જાય છે.

આજે રાજસ્થાન રોયલ્સ અને કિંગ્સ પંજાબ વચ્ચે જંગ ખેલાશે

દુબઇ,તા. ૧૯

પેપ્સી આઇપીએલ-૭માં આવતીકાલે રવિવારે રાજસ્થાન રોયલ્સ અને કિંગ્સ ઇલેવન પંજાબ વચ્ચે જોરદાર જંગ ખેલાય તેવી શક્યતા છે. રસપ્રદ બાબત એ છે કે ઓસ્ટ્રેલિયન ટીમના બે સ્ટાર ખેલાડી જ્યોર્જ બેલી અને શેન વોટ્સન આમને સામને આવનાર છે. શેન વોટ્સન રાજસ્થાન રોયલ્સ ટીમના કેપ્ટન તરીકેની ભૂમિકા અદા કરનાર છે. બીજી બાજુ જ્યોર્જ બેલી કિંગ્સ ઇલેવનના કેપ્ટન તરીકેની ભૂમિકા અદા કરશે. બન્ને ટીમના સ્ટાર ખેલાડી મેચને લઇને ખુબ ઉત્સુક બનેલા છે. કિંગ્સ ઇલેવ તરફથી તમામની નજર વિસ્ફોટક બેટ્સમેન વિરેન્દ્ર સહેવાગ પર કેન્દ્રિત રહેશે. સહેવાગે છેલ્લા કેટલાક સમયથી આંતરરાષ્ટ્રીય મેચો રમી નથી. જેથી તે પોતાના જોરદાર દેખાવ મારફતે ક્રિકેટ પસંદગીકારોનુ ધ્યાન ખેચવા માટે મક્કમ છે.આવતીકાલે આઇપીએલ-૭માં માત્ર એક મેચ રમાનાર છે. આ મેચનુ પ્રસારણ સાંજે સાત વાગ્યાથી કરવામાં આવે તેવી શક્યતા છે.

મધ્યપ્રદેશમાં બસમાં ભીષણ આગ : છ લોકો બળી ભડથુ

ભોપાળ,તા. ૧૯

મધ્યપ્રદેશમાં યાત્રી બસમાં ભીષણ આગ ફાટી નિકળતા ઓછામાં ઓછા છ યાત્રીઓ બળીને ભડથુ તઈ ગયા હતા. જ્યારે અન્ય કેટલાક યાત્રીઓ ગંભીરરીતે દાજી ગયા હતા. માર્યા ગયેલાઓમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. જાનૈયાઓને લિને જતી બસ દુર્ઘટનાનો શિકાર થઈ હતી. શુક્રવારે મોડી રાત્રે ભોપાળતી આશરે ૫૦૨ કિલોમીટર ઉત્તરે ભીન્ડમાં બસ પર હાઈ ટેન્શન વાયર પડી જતા આ બનાવ બન્યો હતો. ભીન્ડ જિલ્લામાં અટેર શહેર નજીક કાનેરા બાજરિયા ખાતે આ બનાવ બન્યો હતો. વિજળીની લાઈન તુટીને બસ પર પડી હતી. જેથી બસમાં આગ લાગી ગઈ હતી. સાક્ષીઓએ કહ્યું હતું કે શરૂઆતમાં સ્પાર્કની અસર દેખાઈ હતી. જો કે ત્યારબાદ જોરદાર આગ લાગી હતી. યાત્રીઓએ બચવાના તમામ પ્રયાસો કર્યા હતા. જો કે તેમનો બચાવ થયો ન હતો. ત્રણ બાળકો અને બે લોકો બસમાં ફસાઈ ગયા હતા. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે છ મૃતદેહો મળી આવ્યા છે. મોડેથી પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. દાજી ગયેલા અન્ય યાત્રીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. તાજેતરના સમયમાં બસમાં આગ લાગવાના બનાવોમાં એકાએક વધારો થયો છે.સામાન્ય લોકોમાં પણ આને લઈને ચર્ચાઓ શરૂ થઈ છે.

કાશ્મીરમાં લશ્કરે તોઇબાના ત્રાસવાદીના મકાનને ફૂંકાયું

શ્રીનગર,તા. ૧૯

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદના છેલ્લા બે દશકમાં પ્રથમ વખત નારાજ થયેલા લોકોએ સોપોરે જિલ્લામાં નવપોરા ખાતે લશ્કરે તોઈબાના ત્રાસવાદીના આવાસને આગ ચાંપી દીધી હતી. લશ્કરે તોઈબાના ત્રાસવાદીના આવાસને નારાજ થયેલા લોકોએ આગ ચાંપી દેતા નવા ઘટનાક્રમના સંકેત દેખાઈ રહ્યા છે. સ્થાનિક યુવતીના અપહરણ કરવાના પ્રયાસ બદલ તેના આવાસને આગ ચાંપી દેવામાં આવી હતી. સોપોરેના પોલીસ અધિકારી અબ્દુલ કલીમે માહિતી આપતા કહ્યું છે કે, લશ્કરના આ ત્રાસવાદી ઈમરાન અહેમદની ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ ધરપકડ કરી લેવામાં આવી હતી. તેની પાસેથી એકે ૪૭ રાયફલ કબજે કરવામાં આવી છે. નારાજ લોકોએ તેના ઘરને ઘેરી લીધું હતું અને ત્યારબાદ આગ ચાંપી દીધી હતી. ઘરની સામે રહેલી બે કારને પણ આગ ચાંપી દેવામાં આવી હતી. બંદૂકની ણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે આ યુવતીને બચાવી લેવામાં આવી હતી. સમગ્ર મામલામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસના રેકોર્ડ મુજબ જે આતંકવાદીના આવાસને આગ ચાંપવામાં આવી છે તેની ગયા વર્ષે બે જુદા જુદા ગુનાઓ બદલ ધરપકડ કરવામાં આવી હતી. સ્થાનિક લોકોએ તેની મુક્તિ અંગે ફરિયાદ કરી હતી. સાથે સાથે અન્ય કેટલાક ગુનાઓમાં તેની સંડોવણી પણ સપાટી ઉપર આવી હતી. લશ્કરે તોઈબાના ત્રાસવાદીની ધરપકડકરવામાં આવ્યા બાદ સોપોરેમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સ્થાનિક આંદોલનને ધ્યાનમાં લઈને સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. નારાજ થયેલા ટોળાએ લશ્કરના ત્રાસવાદીના આવાસને આગ ચાંપી દેવામાં આવ્યા બાદ તંગદિલી ફેલાઈ ગઈ હતી.